પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર ખોલવા બાબત તેમજ ચોકકસ કાર્યવાહી/કાર્યપધ્ધતિ અનુસરવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક: વભદ/૧૦૨૦૦૯/૧૭૧૫/પાર્ટ.૧/ક
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૩/૪/૨૦૧૦

વંચાણે લીધા:-

(૧)અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગના ક્રમાંક વભદ/૧૦૨૦૦૨/૪૮૭/કના તા.૨/૮/૨૦૦૪નો ઠરાવ

(૨)અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગના ક્રમ(૧)ના ક્રમાંક્નો તા.૨૪/૨/૨૦૦૫નો ઠરાવ

(૩) અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગના ક્રમ(૧)ના ક્રમાંક્નો તા.૨૧/૮/૨૦૦૬નો ઠરાવ

(૪)અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગના ક્રમ(૧)ના ક્રમાંક્નો તા.૫/૧૦/૨૦૦૬નો ઠરાવ

આમુખ:-

ઉકત વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક: ૧ થી ૪ થી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર મંજુર કરવા માટે નીતિ નકિક કરવામાંઆવેલ છે. સરકારના ધ્યાને આવેલ છે કે કેટલાક કિસ્સામાં વાજબી ભાવની દુકાન માટે બે વખત જાહેરનામા બહાર પાડવા છતા પાત્રતા ધરાવતા યોગ્ય ઉમેદવાર કે સ્વસહાય જુથ નહી મળવાને કારણે દુકાન ચાલુ થઈ શકતી નથી અને તેથી લાભાર્થીઓને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળનો મળવાપાત્ર જથ્થો મેળવવા/લેવા દૂર સુધી જવુ પડે છે. અને લાભાર્થીઓને ધકકા ખાવાના પ્રસંગ પણ બને છે. આથી જાહેર વિતરણ વ્યવસ્થાને વિપરીત અસર ન થાય અને લાભાર્થીઓને મળવાપાત્ર જથ્થો યોગ્ય સમયે નિયમિત મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે ઉકત સંદર્ભ ૧ થી ૪ નીતિમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

વધુમાં વાજબી ભાવની દુકાન ખોલવા માટેનું જાહેર નામુ બહાર પાડયાબાદ એક વર્ષ કે તેથી વધુ સમય સુધી જિલ્લા પુરવઠા સલાહકાર સમિતિ ધ્વારા દુકાન ફાળવણી માટે નિર્ણય

લેવામાં આવતા નથી અથવા નિર્ણય લઈ શકાતા નથી આ કારણે જાહેર વિતરણ વ્યવસ્થાને અસર પહોંચે છે આથી આ બાબતે પણ ચોકકસ કાર્યવાહી/કાર્યપધ્ધતિ નકકી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

ઉકત વિગતે પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર મંજુર કરવા માટે નીચે મુજબની કાર્યવાહી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૧. રાજયના જે વિસ્તારોમાં હાલની નીતિ પ્રમાણે વાજબી ભાવની દુકાનો મળવાપાત્ર છે. તેના જાહેરનામા તાત્કાલિક બહાર પાડવાના રહેશે.

૨. જે કિસ્સામાં બે વખત જાહેરનામુ બહાર પાડયા પછી પાત્રતા ધરાવતા ઉમેદવાર/સંસ્થા ઉપલબ્ધ ન થાય/ ન મળે તેવા કિસ્સામાં જે તે ગામ/ વિસ્તારની સ્થાનિક સ્વરાજયની સંસ્થા અથવા કિરાણા સ્ટોર્સને જિલ્લા પુરવઠા અધિકારીશ્રીએ રૂબરૂ બોલાવી તેમની સંમતિ હોય તો નિયત નમુનાની અરજી મેળવી નીચેના ફકરા નં.૩ અને ૪માં જણાવેલ રીતે પરવાનો આપવાની કાર્યવાહી પૂર્ણ કરી દુકાન ફાળવણી કરવાની રહેશે.

૩. પ્રથમ અગ્રતા સ્થાનિક સ્વરાજયની સંસ્થાને આપવાની રહેશે અને જો તેઓ સંમત ન હોય તો જાહેર વિતરણ માટે અનુકુળ હોય તેવા સ્થાનિક કિરાણા સ્ટોર્સને અગ્રતા આપવાની રહેશે.

૪. ઉપર ૨ અને ૩ મુજબના કિસ્સામાં જીલ્લા પુરવઠા સલાહકાર સમિતિની ભલામણ મેળવવાની કોઈ કાર્યપધ્ધતિ અનુસરવાની રહેશે નહી પરંતુ જીલ્લા પુરવઠા અધિકારીશ્રીએ બે વખત જાહેરનામુ બહાર પાડયાની હકીકત, પાત્ર ઉમેદવાર/સંસ્થા મળેલ નથી તેની વિગત, સૂચિત કાર્ડધારકોની સંખ્યા અને જાહેર વિતરણ વ્યવસ્થાને સરળ બનાવવા ઉપર મુજબ દુકાન ફાળવણી કરવી જરુરી છે તેવા વાજબીપણા/કારણો સહિતની દરખાસ્ત સબંધિત જિલ્લા કલેકટરશ્રીને રજુ કરી, મંજુરી મેળવ્યા બાદ દુકાન ફાળવણીનો હુકમ કરવાનો રહેશે.

૫. પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર ખોલવા માટેના જાહેરનામાની તારીખથી એક વર્ષની મહત્તમ સમય મર્યાદામાં જીલ્લા પુરવઠા સલાહકાર સમિતિએ આવેલ અરજીઓ અંગે ધોરણસર /નિયત પધ્ધતિ અનુસાર નિર્ણય લેવાનો રહેશે. જો એક વર્ષમાં નિર્ણય લેવામાં નહી આવે તો જાહેરનામા અનુસંધાને આવેલી અરજીઓ આપો આપ નકામી/લેપ્સ ગણવામાં આવશે અને સદરહુ દુકાન માટે નવેસરથી જાહેરનામુ બહાર પાડવાનું રહેશે.

૬. આ ઠરાવ ઠરાવની તારીખથી અમલમાં આવશે પરંતુ અગાઉ બે વખત જાહેરનામા બહાર પાડવા છતા યોગ્ય ઉમેદવાર/સંસ્થા મળેલ ન હોય તો પણ આ ઠરાવ પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(મુકેશ મોદી)
નાયબ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

(૧) સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ
(૨) જીલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ
(૩) અન્ન નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી,અમદાવાદ શહેર અમદાવાદ
(૪) નાયબ અન્ન નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી,અમદાવાદ શહેર અમદાવાદ
(૫) ~~સર્વે મામલતદારશ્રીઓ/મહાલકારીશ્રીઓ~~

નકલ જાણ સારૂ રવાના:-

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
(૨) અંગત સચિવશ્રી,માન.મંત્રીશ્રી (અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ)સચિવાલય,ગાંધીનગર
(૩) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી,અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૪) નિયામકશ્રી (નાગરિક પુરવઠા) અન્ન અને ના. પુ. અને ગ્રા.બા.વિભાગ સચિવાલય, ગાંધીનગર
(૫) અન્ન નિયામકશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ,સચિવાલય,ગાંધીનગર
(૬) નિયામકશ્રી (નાગરિક પુરવઠા) અન્ન અને ના. પુ. અને ગ્રા.બા.વિભાગ સચિવાલય, ગાંધીનગર
(૭) મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. ગાંધીનગર
(૮) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
(૯) વિભાગની સર્વે શાખાઓ
(૧૦) સીલેકટ ફાઈલ

VBD-102007-979-C

પત્ર ક્રમાંક: વભદ/૧૦૨૦૦૯/૧૭૧૫/ક
અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૩/૪/૨૦૧૦

પ્રતિ,
નિયામકશ્રી અન્ન અને ના. પુ. અને ગ્રા.બા.વિભાગ સચિવાલય,ગાંધીનગર
અન્ન નિયંત્રકશ્રી,અન્ન નિયંત્રકશ્રીની કચેરી હેન્ડલુમ હાઉસ નહેરુબ્રીજ પાસે,અમદાવાદ
સર્વે કલેકટરશ્રી
સર્વે જીલ્લા પુરવઠા અધિકારીશ્રી

વિષય: પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર ખોલવા બાબત તેમજ ચોકકસ કાર્યવાહી/
કાર્યપધ્ધતિ અનુસરવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુકત વિષય બાબતે જણાવવાનું કે સમગ્ર રાજયમાં પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર ખોલવાપાત્ર હોય કે અન્ય કારણોસર દુકાન બંધ હોય તે માટે આ સાથે તા.૨૩/૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક:વભદ/૧૦૨૦૦૯/૧૭૧૫/પાર્ટ.૧ મુજબ તાત્કાલિક જરૂરી કાર્યવાહી હાથ ઘરવા વિનંતી છે. અને તે માટે નીચે જણાવ્યા મુજબ સરકારશ્રીની સુચના ધ્યાને લેવા વિનંતી છે.

૧.રાજય કક્ષાએ નિયામકશ્રી અ.ના.પુ.એ સદરહુ ઠરાવ મુજબ મોનીટરીંગ કરવાનુંરહેશે.

૨.આ કામગીરી ત્રણ મહિનામાં પૂર્ણ કરવાની રહેશે અને જો સબંધિત જીલ્લા પુરવઠા અધિકારીશ્રી ધ્વારા પૂર્ણ કરવામાં નહી આવે તો તેમની ગંભીર જવાબદારી ગણવામાં આવશે

૩.જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ગરીબોને મળવાપાત્ર જથ્થો, પુરતા પ્રમાણમાં, સમયસર અને કોઈ પણ જાતની તકલીફ વગર મળે તે માટે ગંભીરતા દાખવવાની રહેશે.

આપનો વિશ્વાસુ,

(મુકેશ મોદી)
નાયબ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

બિડાણ: ઠરાવ

VBD-102007-979-C